# ધોલેરા 'સર' એ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે, એ સાકાર થશે જ : ભૂપેન્દ્રસિંહ



આંતરમાળખાકીય સુવિધા પૂરી પાડવામાં ગુજરાત દેશભરમાં અગ્રેસર છે, ત્યારે આવી જ સુવિધા પૂરી પાડવાના હેતુ સાથે આજે ધોળકા ખાતે ધોળકા-વટામણ હયાત માર્ગને ચારમાર્ગીય કરવાના કામની ખાતમુહૂર્ત વિધિ કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈ-વે રાજયમંત્રી મનસુખભાઈ માંડવીયા અને રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના વરદ હસ્તે તકતીના અનાવરણ સાથે ખાતમુહૂર્ત વિધિ સંપન્ન થઈ હતી. રૂ. ૫૦ કરોડના ખર્ચે ધોળકા-વટામણ હયાત માર્ગને ચારમાર્ગીય બનાવાશે. હાલમાં આ માર્ગ ૭ મીટર પહોળો છે, તે વધુ ત્રણ મીટર સાથે કુલ ૧૦ મીટર પહોળો થતા વાહન વ્યવહારને ખૂબ જ સુગમતા રહેશે અને સંભવિત અકસ્માતની દુર્ઘટના નિવારાશે. ધોળકા-વટામણ હયાત ૨૩ કિ.મી. માર્ગને ચારરસ્તીય માર્ગ બનાવાશે. રસ્તાઓના વિકાસ કાર્યોએ ધોળકા-ધોલેરા વિસ્તારને વિકાસનું નવું પરિમાણ બક્ષ્યું છે. ધોલેરા સરનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, માત્ર ચાર-પાંચ ગામ નહીં પણ સમગ્ર વિસ્તારને લાભ થવાનો છે.

# જળ અભિયાન એ ભવિષ્યની પેઢીનું ભાવિ નિર્માણ કરનારૂ સાર્વજનિક અભિયાન છે : મુખ્યમંત્રી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નવસારી જિલ્લાના ચીખલી રાનકુવા ખાતે તળાવ ઊંડું કરવાની કામગીરીનો પ્રારંભ કરાવી, ગુજરાતની ભાવી પેઢી જય શ્રી કૃષ્ણ સાથે જલશ્રી કૃષ્ણનું પઠન કરે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવા તરફ રાજય સરકાર દઢનિશ્ચય સાથે આગળ વધી રહી હોવાનું જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ દોડીયા તળાવ રાનકુવા ખાતે ભુમિપૂજન કરીને શ્રમદાન કરતા શ્રમિકોને સુખડી અને છાસનું પણ વિતરણ કર્યું હતું.

જળ અભિયાનને ઈશ્વરની યોજના છે, ગુજરાત બેઠું થાય, દુષ્કાળ ભુતકાળ બને એ તરફ રાજય સરકાર તીવ્ર ગતિ એ આગળ વધી રહી છે. ધરતી આપણી માતા છે, એની તરસ બુઝાવવા ઈશ્વરનું કાર્ય રાજય સરકારે હાથ ધરીને, ધરતીના સંતાનની જવાબદારી લીધી છે, ગુજરાતની ભાવિ પેઢીને વિકાસની ચરમસીમાએ લઈ જવાશે. લોકભાગીદારીએ ગુજરાતની પરંપરા હોવાનું મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

સુજલામ સુફલામ યોજના હેઠળ ગુજરાતભરમાં થઈ રહેલા કામોનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતે જળ અભિયાનને જનસામર્થ્ય શક્તિ સાથે કાર્ય ઉપાડયું છે. જળ અભિયાને ભવિષ્યની પેઢીનું ભાવિ નિર્માણ કરનારૂં સાર્વજનિક અભિયાન છે. સમગ્રતયા ગુજરાતના લોકો સંકલ્પ સાથે સર્વ જનહિતાયના કાર્યમાં જોડાયા છે. જનહિતનું આ અભિયાન ઝડપભેર આગળ વધી રહયું છે. આ કાર્યમાં સાડા ત્રણ હજારથી વધુ સંસ્થાઓ જોડાઈ છે. ચાર હજારથી વધુ જે.સી.બી., ૧૪ હજાર ટ્રેકટર-ટ્રક સાથે ૩.૨૪ લાખ શ્રમિકો શ્રમદાન કરી રહયા છે.



## કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલું

કલમ ૨૧ મુજબ કાઢી નાંખવામાં આવી છે જે ૨૦/૪/૧૯૮૭ થી અમલમાં આવેલ છે. આમ, ગુજરાત મહેસુલ ટ્રીબ્યુનલે સહકારી મંડળીની તરફેણમાં આપેલા ચુકાદાને નામદાર ગુજરાત હાઈકોર્ટે ઉપરોકત તારણ તથા ગ.ધા.કલમ ૬૩ તથા ૬૫ મુજબ થયેલ વેચાણ વ્યવહાર અમાન્ય ગણતો હુકમ કરેલ તથા નામદાર ડેપ્યુટી કલેકટરશ્રીએ કરેલ હુકમ પુનઃ જીવીત યાને રીસ્ટોર કરવાનો હુકમ નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ.

ઉપરોકત ચુકાદા આધીન સ્પષ્ટ થયેલ છે કે, ગુજરાતનો ગણોત વહિવટ અને ખેતીની જમીનનો કાયદો ૧૯૪૮ ગ.ધા.કલમ ૬૪(એ) ની જોગવાઈઓને સને ૧૯૮૭ ગુજરાત અધિનિયમ ૨૧ મુજબ કાઢી નાંખી ૨૦/૪/૧૯૮૭ થી આ કલમ રદબાતલ ઠરાવેલ છે જેથી સહકારી મંડળીની બીનખેડૂતની તરફેણમાં કરવામાં આવેલ ખેતીની જમીનનો વેચાણ ગ.ધા.કલમ ૬૩ મુજબ બીન પરવાનગી હોય તો રદબાતલ ઠરે છે.

સૂચિત સહકારી મંડળી બીનખેતી સભ્યો હોય તો ગ.ધા.કલમ ૬૩ તથા ૬૫ મુજબ ખેતીની જમીન વેચાણ લેતા પૂર્વે જીલ્લા કલેકટરશ્રીની પરવાનગી મેળવવી અતિ આવશ્યક છે જો આવી મંજુરી પરવાનગી સીવાય સૂચિત સહકારી મંડળીએ ખેતીની જમીનના કરાવેલ તમામ દસ્તાવેજ રદબાતલ વોઈડેબલ ઠરે છે અને જમીન મુળ માલીકોને પરત સોંપવાનો અગરતો સરકારશ્રીની કરવાનો હુકમ રેવન્યુ ઓથોરીટી દ્વારા કરવામાં આવે છે જેને ગુજરાત હાઈકોર્ટે સદરહુ ચુકાદા દ્વારા અનુમોદન આપેલ છે.

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

સત્યાગ્રહનો નિવેડો લાવવાના બદલે હવા ખાવાનાં સ્થળોએ આરામ ફરમાવી રહ્યા હતા. 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના પ્રતિનિધિએ બારડોલી તાલુકાનો પ્રવાસ ખેડીને બારડોલી તાલુકો "લૅનિન" વલ્લભભાઈના સંપૂર્ણ નિયંત્રણમાં હોવાનું પોતાના અહેવાલમાં નોંધ્યું. હાઉસ ઑફ કૉમન્સમાં ઉહાપોહ મચ્યો ત્યારે સરકારના પ્રધાન લૉર્ડ વિન્ટરર્ટને વલ્લભભાઈની સફળતાને કબૂલી એટલે આરામ ફરમાવી રહેલા લાટ સાહેબો દોડતા થયા. મુંબઈના ગવર્નર સર લેઝલી વિલ્સન સિમલા ભણી રવાના થયા અને વાઈસરૉયની સલાહ મુજબ આગળ વધવા ભલામણ કરવા માંડ્યા. બીજી બાજુ, ગાંધીજીનાં સામાયિકોમાંનાં લખાણો અને અન્ય પત્રિકાઓના અહેવાલોએ બારડોલી સત્યાગ્રહ વિશે દેશભરમાં ઉત્સુકતા જગાવી. ૧૨ જૂન ૧૯૨૮નો દિવસ બારડોલી દિવસ તરીકે દેશભરમાં મનાવાયો. કેટલાકે એ દિવસે દેખાવો, ઉપવાસ, આર્થિક યોગદાન વગેરે કરવાનું પસંદ કરીને બારડોલીના ખેડૂતોને ટેકો આપ્યો. સરદાર પટેલને મજબૂત મનોબળનો અને આર્થિક સહયોગ મળતો રહ્યો.

**ગવર્નરનું મંત્રણા માટેનું તેડું**

જુલાઈ ૧૯૨૮ના બીજા સપ્તાહમાં ગવર્નર સિમલા ગયા હતા. એ સુરત પાછા ફરે ત્યારે વલ્લભભાઈ પોતાના ૧૨ સત્યાગ્રહી સાથીઓ સાથે એમને મળે એવું તેડું આવ્યું. મંત્રણાઓ યોજાઈ. સરદારે જે ખેડૂતોની જમીન જપ્ત થઈ અને વેચાઈ એ તમામ જમીન પરત મૂળ માલિકોને મળે, એમનાં પશુ-રાચરચીલાં જપ્ત કરાયાની કિંમત ચૂકવાય, સત્યાગ્રહના ટેકામાં રાજીનામાં આપનાર સરકારી કર્મચારીને પરત નોકરીમાં લેવાય તથા તપાસ સમિતિ નિમાય એવો આગ્રહ રાખ્યો. પૂણેમાં નાણાંપ્રધાન સર ચુનીભાઈ મહેતાએ આગળની મંત્રણાઓ ગવર્નર વતી ચલાવી અને સત્યાગ્રહીઓની માગણીઓ સ્વીકારીને ૬ ઑગસ્ટ ૧૯૨૮ના રોજ સમાધાન કર્યું. આ વિજયની સમગ્ર દેશમાં કીર્તિ થઈ.

**બારડોલી સત્યાગ્રહની વ્યાપક અસરો**

બારડોલીના ૮૦ હજાર કરતાં પણ વધુ ખેડૂતોની વાજબી માગણીઓ માટેની લડત પૂરતી આ વાત સીમિત નહોતી. ડિસેમ્બર ૧૯૨૮માં કોલકાતામાં મોતીલાલ નેહરુના અધ્યક્ષપદે કોંગ્રેસનું અધિવેશન મળ્યું, એમાં સરદાર પટેલ છવાઈ ગયા. એ પહેલાં ઉત્તર ભારત અને દક્ષિણ ભારતમાં એમના પ્રવાસ ગોઠવાયા. સ્વયં રાજાજીને સરદાર પટેલમાં લોકમાન્ય ટિળકનાં દર્શન થવા લાગ્યાં. બીજા વર્ષે જવાહરલાલ નેહરુના અધ્યક્ષપદે લાહોરમાં મળેલા કોંગ્રેસના અધિવેશનમાં એટલે કે ડિસેમ્બર ૧૯૨૯માં ૨૬ જાન્યુઆરી ૧૯૩૦ને સ્વતંત્રતા દિવસ તરીકે ઊજવવા માટે પૂર્ણ સ્વરાજનો ઠરાવ થયો. માર્ચ ૧૯૩૧માં કરાંચીમાં સરદાર પટેલના અધ્યક્ષસ્થાને કોંગ્રેસનું અધિવેશન મળ્યું.એના આગલા સપ્તાહે સરદાર ભગતસિંહ સહિતની ત્રિપુટીને "હૃદયશૂન્ય" અંગ્રેજ સરકારે ફાંસી આપી દીધી હતી. અગાઉ ૧૨ માર્ચ ૧૯૩૦થી ૬ એપ્રિલ ૧૯૩૦ દરમિયાન ગાંધીજીએ મીઠાના સત્યાગ્રહ માટે આદરેલી દાંડીકૂચ થકી અંગ્રેજ સરકારના પાયા હચમચ્યા અને ઓગસ્ટ ૧૯૪૨માં "હિંદ છોડો" ચળવળ પ્રતાપે અંગ્રેજોએ ભારતમાંથી ઉચાળા ભરવાનો વખત નિકટ આવી ગયો હોવાના સંકેત મળવા માંડ્યા.

આ બધા ઘટનાક્રમના પાયામાં સરદાર પટેલના નેતૃત્વમાં યોજાયેલા બારડોલી સત્યાગ્રહને કબૂલવો પડે. એનાથી પ્રજાને પોતાની તાકાતનો પરિચય મળ્યો. એટલે જ દુનિયાભરના સરદાર પટેલ પ્રેમીઓએ ૧૨ જૂનને બારડોલી દિવસ તરીકે મનાવીને ભારતના સ્વતંત્રતા સંગ્રામને નવો વળાંક આપનાર મહાન સપૂત સરદાર વલ્લભભાઈ પટેલને ખરા અર્થમાં અંજલિ આપવી ઘટે.

## યાત્રાનો આરંભ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવતીકાલે પુટિન સાથે વાતચીત કરવા માટે પહોંચશે. આ પ્રવાસના એક મહિના પહેલા જ મોદીએ ચીનના પ્રમુખ શી જિંગપિંગ સાથે પણ આ રીતે જ અનૌપચારિક બેઠક યોજી હતી. દ્વિપક્ષીય સંબંધો ઉપરાંત મોદી અને પુટિન વચ્ચે ઈરાન ન્યુક્લિયર ડિલથી અમેરિકાના અલગ થવાના નિર્ણય ઉપર પણ ચર્ચા કરશે. ભારત અને રશિયા બંને ત્રાસવાદથી અસરગ્રસ્ત દેશોમાં છે જેથી બંને પક્ષો આઈએસના ખતરા અને અફઘાનિસ્તાન-સિરિયાના મુદ્દા ઉપર પણ ચર્ચા કરશે.

## આકરો મિજાજ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાતાવરણ પલ્ટાના અંતે નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. ગત દિવસોમાં મહત્તમ તાપમાન ૪૪ ડી ગ્રીએ પહોંચી જતા શહેરીજનોએ સિઝનની રેકર્ડ બ્રેક ગરમીનો અહેસાસ કર્યો હતો. જયારે છેલ્લા ઘણાં દિવસોથી ગરમીનો પારો ૪૦ ડી ગ્રીથી નીચે ઉતરવાનુ નામ ન લેતા દિનપ્રતિદિન ગરમીનુ પ્રમાણ વધતુ જાય છે. આકરી ગરમીએ નગરજનોને બેબાકળા કરી દીધા છે. જયારે ગરમીથી બચવા માટે શહેરીજનો અનેક નુસખા અજમાવી રહયા છે. નગરના જાહેર સ્થળોએ આમ નાગરિકોને ગરમીમાં રાહત થાય તે માટે ઠંડી છાસ તેમજ ઠંડા પાણીની પરબ પણ કાર્યરત છે. જયારે ગરમીથી રક્ષણ પુરુ પાડવા માટે ઉઘાડ પગાઓને પગ રક્ષણ પણ પુરુ પાડવામાં આવી રહયુ છે. ગરમીનો મિજજ આજે પણ આકરો પુરવાર થયો હતો. મહત્તમ તાપમાન એક ડીગ્રી વધીને ૪૩ ડી ગ્રી સુધી પહોંચી ગયુ હતુ. રજાના દિવસે ગરમીનો પારો ઉંચકાતા શહેરના માર્ગો પર દિવસ દરમિયાન સુનકાર જોવા મળ્યો હતો.

## સૂત્રધાર ઝડપાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચીટીંગ કરી હતી. આ રૂપિયા તેના ખાતામાં જમા થયા છે જે હવે બેંક દ્વારા સીઝ કરી દેવામાં આવ્યા છે. સંજય પાસેથી ત્રણ પીઓએસ મશીન, રબરના સ્ટેમ્પ તથા પારેખ ઈન્ટરનેશનલના લેટરપેડ મળી આવ્યા છે. આ ઈન્ટરનેશનલ ગેંગના અન્ય સુત્રધારો પકડવા ગાંધીનગર સાયબર સેલ મુંબઈ જશે કેમ કે આ ફોર્ડનું એપી સેન્ટર મુંબઈ હોવાનું પુછપરછમાં ખુલ્યુ છે. કોર્ટે આરોપીના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

## ગણતરીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૭૯ ટકા છે જયારે ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં આવા મકાનો ૫૩ ટકા જ છે. ગુજરાતની સરખામણીએ ગાંધીનગરના ગ્રામીણ વિસ્તારમાં આ પ્રકારના મકાનો ૧૬ ટકા જેટલા ઓછા છે. પરંતુ જયારે ગુજરાત કે ગાંધીનગરના શહેર વિસ્તારના ઘર મકાનોની વાત કરીએ તો પરિસ્થિતિ સાવ જ જુદી છે. ટકાવારી એમ દર્શાવે છે કે શહેરી ગુજરાતમાં ૨૧ ટકા મકાનો રહેણાંક અને અન્ય ઉપયોગમાં લેવાય છે. (ઈીજૈહ્રીહજી) પરંતુ શહેરીકરણ જ્યાં છવાયેલું છે એવા ગાંધીનગરમાં આનું પ્રમાણ ૪૭ ટકા છે. ગ્રામ્ય ગાંધીનગરની સરખામણીએ શહેરી ગાંધીનગરનું આ આંકડાકીય ચિત્ર લેખની શરૂઆતમાં ચર્ચા કરી એવી સમાજશાસ્ત્રીય બાબતો સન્મુખ આપણું ધ્યાન ખેંચે છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તાર અને શહેરી વિસ્તારમાં સ્થળાંતરીત લોકોનો વિચાર કરીએ તો બહુ સ્વાભાવિક છે સ્થળાંતર નગર વિસ્તારમાં જ હોય, ગ્રામ્ય વિસ્તારમાં ઓછુ અથવા તો તદ્દન નહીંવત હોય. આ મુજબ ગાંધીનગરના જે ઘર-મકાનોમાં રહેણાંક ઉપરાંતની વ્યવસાયી પ્રવૃત્તિ સામેલ છે એ લગભગ વ્યવસાયી બાબતોની સાથે જ સંકળાયેલી છે. ગાંધીનગર તેની સ્થાપના કાળથી ઔદ્યોગિક વસાહતો સાથે જોડાયેલું છે. ગાંધીનગર શહેરના બિન પ્રદૂષિત ઔદ્યોગિક એકમો હોય કે કલોલ-દહેગામ જેવા વિસ્તારો હોય ત્યાં ઔદ્યોગિકીકરણનું પ્રમાણ ખાસા વર્ષોથી સારા પ્રમાણમાં છે. આ ઔદ્યોગિક એકમોમાં ટાઈલ્સ, પ્રિન્ટીંગ, વાહન રિપેરિંગ, લાકડાની લાટીઓ વગેરે કામો સાથે સંકળાયેલા વ્યવસાયીઓ ધંધાના સ્થળે સપરિવાર જ રહે છે.

ભારતભરમાં તમે કોઈપણ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર દેશના કોઈપણ ખૂણે પસાર થાય તો જેમ 'કેરાલા ટાયર પંક્ચર'ની દુકાનો પેટ્રોલ પમ્પ પર જોવા મળે છે એવી જ રીતે ગુજરાતના કોઈપણ શહેરની બહારના ભાગે ખાસ કરીને ઔદ્યોગિક વસાહતો પાસે કચ્છી પટેલોની લાટી હોય છે, શહેરથી બહુ દૂર નહીં કે ગામથી બહુ નજીક નહીં એમ એમની વ્યવસાયી કામગીરી વર્ષોથી જોવા મળે છે. જો આ વ્યવસાયી જ્ઞાતિને ધ્યાનમાં લઈએ તો તેઓ ઘર પરિવાર સાથે ધંધા-વ્યવસાયના સ્થળે જ રહેતા હોય છે. ઘરમાં રહેવા ઉપરાંત વ્યવસાયનો આ કચ્છી પટેલનો 'ચાલ' કે પરંપરા અન્ય વ્યવસાયીઓએ પણ સ્વીકારી લીધો છે એમ સેન્સર-૨૦૧૧ના આંકડાઓ વ્યક્ત કરે છે. (લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે)

## નક્સલી હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નકસલવાદીઓએ છત્તીસગઢના સુકમામાં સર્ચ ઓપરેશનમાં જોડાયેલા સીઆરપીએફના જવાનો ઉપર હુમલો કરી દીધો હતો જેમાં નવ જવાન શહીદ થયા હતા. જવાનોને પહેલા આઈઈડી બ્લાસ્ટ કરીને ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા ત્યારબાદ ગોળીબાર કરવામાં આવ્યો હતો.

**ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન**
ઘ-૪ પાસે, સેક્ટર-૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૬
ફોન : ૦૭૯-૨૩૨૨૩૪૪૯, ફેક્સ : ૨૩૨૨૧૫૯૮

**વાહન વેચાણથી આપવાનું છે**

**બીજો પ્રયત્ન**

સંસ્થાની તાબા હેઠળની બિન ઉપયોગી ઈન્ડિકા GJ-18-AC-6443 વર્ષ : ૨૦૦૮, જ્યાં છે અને જેમ છે તે સ્થિતિમાં ઉપરના સરનામે ટેન્ડર પદ્ધતિથી વેચાણ કરવાનું છે. રસ ધરાવતા બિડરો / પક્ષકારોને વાહનનું નિરીક્ષણ સંસ્થા ખાતે કચેરી કામકાજના સમય ૧૧ થી ૫ કલાક દરમિયાન તા. ૨૩/૫/૨૦૧૮ થી તા. ૩૧/૫/૨૦૧૮ સુધીમાં ઉપરોક્ત વાહનો જોઈ શકાશે તથા કોરા ટેન્ડર મેળવી શકશે. ભરેલ ટેન્ડર પરત કરવાની છેલ્લી તા. ૪/૬/૨૦૧૮ ૧૭.૦૦ કલાક સુધી રહેશે. સંસ્થામાં રૂબરૂમાં પ્રતિ ટેન્ડર દીઠ રૂ. ૫૦૦/- રોકડા (નોન રીફંડેબલ) જમા કરાવવાથી કોરા ટેન્ડર મેળવી શકાશે.

**માહિતી/૪૪૫/૧૮-૧૯** **નિયામક**

